# ડાકોરમાં સિનિયર સિટીજન ફ્રીમાં સન્મુખ દર્શન કરી શકશે



ખેડા,તા.૩૦

ડાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા ભગવાનના સન્મુખ દર્શન કરવા માટે રૂપિયા લેવાની જાહેરાત વચ્ચે મંદિર ટ્રસ્ટે આ અંગે સ્પષ્ટતા કરતા કહ્યું કે, આ નિયમમાં કેટલાક લોકોને છુટછાટ મળશે. ગર્ભવતિ મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો, શારીરિક અશક્ત અને દિવ્યાંગો મંદિરે દર્શન માટે જશે તો તેમને એકપણ રૂપિયા લીધા વગર સન્મુખ દર્શનનો લાભ આપવામાં આવશે.

ખેડાઃ ખેડા જિલ્લાના જગપ્રસિદ્ધ ડાકોરના રણછોડરાય મંદિરમાં ફી દર્શન મુદ્દે મોટા સમાચાર સામે આવ્યા છે. મંદિર ટ્રસ્ટે આપેલી જાણકારી પ્રમાણે ગુરુવારથી ડાકોરમાં દરેક સિનિયર સિટીજન ફ્રીમાં સન્મુખ દર્શન કરી શકશે. આ સાથે ગર્ભવતી મહિલાઓ અને તમામ દિવ્યાંગોને સન્મુખ દર્શનનો નિઃશુલ્ક લાભ મળશે. આ ઉપરાંત ડાકોર અને ઠાસરાના તમામ સ્થાનિકોને પણ ભગવાનનાં સન્મુખ દર્શનનો લાભ આપવાનો નિર્ણય લેવાયો છે. જેઓ રજિસ્ટ્રેશન કરાવી ભગવાનના સન્મુખ દર્શનનો લાભ લઈ શકે છે. ભગવાન રણછોડરાય મંદિર ટ્રસ્ટ દ્વારા આ જાહેરાતથી વિવાદોનો અંત આવ્યો છે. (અ) તમામ વરિષ્ઠ નાગરિક (સીનિયર સીટીઝન) (શારીરિક રીતે અનફીટ) (બ) શારીરિક અશક્ત તથા દિવ્યાંગો (ક) ગર્ભવતી માતા - બહેનો (ડ) ડાકોર-ઠાસરા ઉમરેઠ વિસ્તારના ભાવિક ભક્તો વિવાદનો અંત! ખેડાના ડાકોર મંદિરમાં ફી દર્શન (સન્મુખ દર્શન)તો મોટી ખબર એ છે કે આ ૪ શ્રેણીમાં આવતા લોકોને ભગવાનનાં સન્મુખ દર્શન કરવા માટે એક પણ રૂપિયો ખર્ચ કરવો નહીં પડે. પરંતુ બાકીના લોકો માટે ૫૦૦ રૂપિયા અને ૨૫૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. જે ૪ શ્રેણીમાં છૂટ આપી છે તે સિવાયના પુરુષોને ૫૦૦ રૂપિયામાં તો મહિલાઓને ૨૫૦ રૂપિયામાં સન્મુખ દર્શનનો લાભ મળશે. મંદિર ટ્રસ્ટે જાહેરાત કરી છે કે ભક્તોની સુવિધા માટે શરૂ કરવામાં આવેલી આ વ્યવસ્થા હેઠળ જે પણ રકમ એકત્રિત થશે તે ભક્તોની સુવિધા માટે વપરાશે.

ડાકોરમાં સન્મુખ દર્શન માટે રૂ.૫૦૦ અને રૂ.૨૫૦ નક્કી કરવામાં આવતાં ભક્તો-સેવકો નારાજ જોવા મળ્યા છે. હિન્દુ સંગઠનના યુવાનો અને ઠાસરા તાલુકાના સરપંચ એસોસિએશનના સરપંચો મંદિરમાં વિરોધ પ્રકટ કરવા પહોંચ્યા હતાં. તેઓએ 'ભગવાન તો પ્રેમના ભૂખ્યા તમે પૈસાના ભૂખ્યા' ના નારા સાથે ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો. ઉગ્ર વિરોધ સાથે મંદિરના મેનેજરને આવેદન પત્ર આપવામાં આવ્યું. સાથે જ આવેદનમાં શનિવારે સાંજે છ વાગ્યા સુધીમાં નિર્ણય પાછો નહીં ખેંચાય તો ઉગ્ર આંદોલનની ચીમકી આપવામાં આવી હતી. એસોસિયેશનના સરપંચો અને યુવાનો દ્વારા આ નિર્ણયને મનસ્વી નિર્ણય ગણાવવામાં આવ્યો હતો. તો બીજી તરફ, ડાકોરમાં ફી દર્શનને લઈને હોબાળો થયો હતો. મંદિર પરિસરમાં આવેદન પત્ર આપવા આવેલા લોકોને કર્મચારી દ્વારા બહાર કાઢવામાં આવતા હોબાળો મચ્યો હતો. આ બાદ આવેદનપત્ર આપવા આવેલા લોકોએ વિરોધ નોંધાવ્યો હતો. આ ઘટના બાદ મંદિર ટ્રસ્ટ કમિટી દ્વારા કેટલાક મહત્વના નિર્ણયો જાહેર કરાયા છે. જેમાં ડાકોર, ઠાસરા અને ઉમરેઠની સ્થાનિક પ્રજાએ ભગવાનના સન્મુખ દર્શન માટે એક પણ રૂપિયાનો ચાર્જ આપવો નહીં પડે..

# મસ્જિદો પરના લાઉડ સ્પીકર પર વાગતી અજાન કેસની આજે સુનાવણી

**બજરંગદળના સંયોજક આ જાહેરહિતની અરજીમાં દાખલ થયા હતા : અગાઉ અરજદારે અરજી કર્યા બાદ તેમને અને તેમના વકિલને ધમકી મળતા તેઓએ આ જાહેર હિતની અરજીમાંથી તેમનુ નામ પરત ખેચ્યું હતું**

અમદાવાદ,તા.૩૦

મસ્જિદ પરના લાઉડ સ્પીકર પરથી અજાનના મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં કરાયેલ જાહેર હિતની અરજીમાં હવે મૂળ અરજદાર પાછા જોડાયા છે. જાહેર હિતની અરજી કર્યા બાદ, અરજદાર અને તેમના વકિલને ધમકી મળી હતી. જેના પગલે તેઓએ જાહેરહિતની અરજીમાંથી પોતાનું નામ પરત ખેચ્યું હતુ. દરમિયાન ગાંધીનગર સ્થિત બજરંગદળના સંયોજક આ જાહેરહિતની અરજીમાં દાખલ થયા હતા. તેમણે તેમની અરજીમાં ગાંધીનગરમાં ગેરકાયદેસર રીતે બનેલી મસ્જિદોનો પણ મુદ્દો ઉઠાવ્યો હતો.

મસ્જિદો પર લાગેલ લાઉડ સ્પીકર પર વાગતી અજાન અંગે હાઈકોર્ટમાં ચાલી રહેલ જાહેર હિતની અરજીનાં કેસમાં નવો વળાંક આવ્યો છે. આ જાહેરહિતની અરજીમાં હવે મૂળ અરજદાર ફરી જોડાયા છે. અગાઉ અરજદારે અરજી કર્યા બાદ તેમને અને તેમના વકિલને ધમકી મળતા તેઓએ આ જાહેર હિતની અરજીમાંથી તેમનુ નામ પરત ખેચ્યું હતું.

દરમિયાન ગાંધીનગર સ્થિત બજરંગ દળના સંયોજક આ જાહેર હિતની અરજીમાં અરજદાર તરીકે જોડાયા હતા. દિવસમાં પાંચ વખત લાઉડ સ્પીકર મારફતે વાગતી અજાનના કારણે લોકોને હાલાકી પડતી હોવાનો મુદ્દો જાહેર હિતની અરજીમાં ઉઠાવાયો હતો. તેમાં એવી પણ રજૂઆત કરાઈ હતી કે, બાળકો અને વૃદ્ધોને વિશેષ હાલાકી પડ રહી છે.જો કે આ જાહેર હિતની અરજીમાં ગાંધીનગરમાં ગેરકાયદેસર રીતે બનેલી મસ્જિદોનો પણ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. આ જાહેર હિતની અરજીની ગુરુવારના રોજ હાઈકોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરાશે.

**ગેસ પાઈપ લાઈન લીકેજ થતા આગ લાગવાની ઘટના**

# વૈષ્ણોદેવી પાસે ગેસ પાઈપ લાઈન લીકેજ, આગની જવાળાઓ ઉઠતા દોડધામ

**ગેસ લીકેજ એકદમ પ્રેસર સાથે થતો હોવાને લઈ આગની જ્વાળાઓમાં થોડીક જ વારમાં મોટા સ્વરુપે જોવા મળવા લાગી હતી**

અમદાવાદ,તા.૩૦

સરખેજ ગાંધીનગર હાઈવે પર આવેલ નિરમા યુનિવર્સિટી પાસે આ ઘટના ઘટી હતી. અંડર ગ્રાઉન્ડ ગેસ પાઈપ લાઈન લીકેજ થઈ જતા ગેસનુ ગળતર થવા લાગ્યુ હતુ. અચાનક જ ગેસ નિકળવાને લઈ આગ ફાટી નિકળતા વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. ગેસ લીકેજ એકદમ પ્રેસર સાથે થતો હોવાને લઈ આગની જ્વાળાઓમાં થોડીક જ વારમાં મોટા સ્વરુપે જોવા મળવા લાગી હતી. અમદાવાદ શહેરમાં ગેસ પાઈપ લાઈન લીકેજ થતા આગ લાગવાની ઘટના સામે આવી છે. શહેરના સરખેજ ગાંધીનગર હાઈવે પર આવેલ નિરમા યુનિવર્સિટી પાસે આ ઘટના ઘટી હતી. અંડર ગ્રાઉન્ડ ગેસ પાઈપ લાઈન લીકેજ થઈ જતા ગેસનુ ગળતર થવા લાગ્યુ હતુ. અચાનક જ ગેસ નિકળવાને લઈ આગ ફાટી નિકળતા વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. ગેસ લીકેજ એકદમ પ્રેસર સાથે થતો હોવાને લઈ આગની જ્વાળાઓમાં થોડીક જ વારમાં મોટા સ્વરુપે જોવા મળવા લાગી હતી. આગની ઘટનાને પગલે સ્થાનિક ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ફાયર ટીમનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. બીજી તરફ ગેસ લાઈનની કંપનીની ટીમો પણ ઘટના સ્થળે દોડી આવી હતી, આગને કાબૂમાં લઈને ગેસ લીકેજને બંધ કરવા માટે ફાયર ટીમના જવાનોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. આગને કાબૂમાં લઈને ગેસનુ લીકેજ બંધ કરવામાં આવ્યુ હતુ. વાહન વ્યવહારથી ધમધમતા હાઈવે પાસે જ આ પ્રકારને આગની ઘટનાને લઈ લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો.

# ખેડામાં નશાની હાલતમાં કારચાલકે સર્જ્યો અકસ્માત

**લારી સહિત બે કારને અડફેટે લીધી હતી, જ્યારે કાર આયુર્વેદિક હોસ્પિટલ સામે ડિવાઇડર અને લાઈટના થાંભલા સાથે અથડાઈ**

ખેડા, તા.૩૦

નડિયાદના કોલેજ રોડ વિસ્તારમાં અકસ્માત સર્જાયો છે. અહીં કારચાલકે બેફામ કાર હંકારી ત્રણ વાહનોને અડફેટે લીધા હોવાની ઘટના બની છે. કારચાલક નશામાં હોવાનું જાણવા મળી રહ્યું છે, જ્યારે નશાની હાલતમાં બેફાન કાર ચલાવી અકસ્માત સર્જ્યો હોવાનું સામે આવ્યું છે. અકસ્માત કરનારની કારમાંથી દારૂની બોટલ પણ મળી આવી છે. ઓવર સ્પીડમાં ઓવરટેક કરતાં અકસ્માત સર્જાયો હતો. ભારે ચહલપાલવાળા વિસ્તારમાં આયુર્વેદિક હોસ્પિટલ સામે અકસ્માત સર્જાયો હતો. રવિ સિંઘે નામના આરોપીએ નશાની હાલતમાં બેફામ રીતે કાર ચલાવી લારી ચાલકને ઉછાડ્યો હતો. જ્યારે લારીચાલક ઈજાગ્રસ્ત થતાં તેને ૧૦૮ મારફતે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. ત્રણ પૈડાવાળી લારી સહિત બે કારને અડફેટે લીધી હતી. જે બાદ કાર ડિવાઈડર અને લાઈટના થાંભલા સાથે અથડાઈ હતી. આયુર્વેદિક હોસ્પિટલ સામે નશાની હાલતમાં બેફામ કાર હંકારી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત કરનારની કારમાંથી દારૂની બોટલ મળી આવી હતી. પરપ્રાંતિય રવિ સિંઘે નશાની હાલતમાં બેફામ રીતે કાર ચલાવી લારી ચાલકને ઉછાડ્યો હતો. લારીચાલક ઈજાગ્રસ્ત થતાં ૧૦૮ મારફતે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

લારી સહિત બે કારને અડફેટે લીધી હતી. જ્યારે કાર આયુર્વેદિક હોસ્પિટલ સામે ડિવાઈડર અને લાઈટના થાંભલા સાથે અથડાઈ હતી. નડિયાદ ટાઉન પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# પાટણના સમી સંખેશ્વર રોડ પર ટ્રક પાછળ કાર ઘૂસતાં ૬નાં મોત

**રક્ષાબંધનના દિવસે બહેનોએ તેમના ભાઈઓ ગુમાવ્યા**

પાટણ, તા.૩૦

રાજ્યમાં કોઈને કોઈ કારણોથી દિન પ્રતિદિન અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યા રાજ્યમાં આજે વધુ એક માર્ગ અકસ્માત સર્જાયો છે. જે બાબતે મળતી માહિતી પ્રમાણે પાટણના સમી સંખેશ્વર રોડ પર ગંભીર અકસ્માત સર્જાયો હતો. વિગતો પ્રમાણે રોડ પર ઉભેલી આઈસર ટ્રકની પાછળ ધડાકાભેર કાર ઘૂસી જતા આ ગંભીર દુર્ઘટના બની હતી.

ભાઈ બહેનના પવિત્ર તહેવાર એવા રક્ષાબંધનના દિવસે બહેનોએ તેમના વ્હાલ સોયા ભાઈઓ ગુમાવ્યા. જેના સમાચાર મળતા પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે. અકસ્માત એટલો ભયાનક હતો કે કારના આગળના ભાગનો ખુરદો બોલાઈ ગયો હતો.

આ અકસ્માતમાં ૩ લોકોના ઘટના સ્થળે કરૂણ મોત થયા હતા. જો કો આ ત્રણેય મૃતકો રાધનપુરના હોવાનું પ્રાથમિક માહિતી મળી છે. આ મામલે પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી હતી.

**ભુવાએ ગામડાની ભોળી પ્રજાને છેતર્યાનું પણ જાણવા મળ્યું**

# આણંદના ધોળીકૂઈ ગામના ભુવાનો વીડિયો વાયરલ

**ભુવાએ માતાજીના નામે જાહેરમાં દારૂ પીધો, દારૂની સાથે ચલમો અને સિગારેટનો દમ મારતા નજરે પડ્યા**

આણંદ, તા.૩૦

દારૂબંધીના લીરા ઉડાવતા ભુવાનો વીડિયો વાયરલ થયો છે. આણંદના ધોળીકૂઈ ગામના ભુવાજીનો વીડિયો વાયરલ થયો છે. ભુવાએ માતાજીના નામે જાહેરમાં દારૂ પીધો હતો. દારૂની સાથે ચલમો અને સિગારેટનો દમ મારતા નજરે પડ્યા હતા. મેલડી માતાજીના મંદિરનો રવિ માતાજી નામના ભુવો ચર્ચામાં છે. જોકે, ભુવાનો વીડિયો વાયરલ થયા બાદ પણ પોલીસ નિષ્ક્રિય જોવા મળી રહી છે. આણંદ જિલ્લાના ધોળીકૂઈ ગામમાં એક ભુવાજીનો વીડિયો વાયરલ થયો છે. જેમાં ભુવો માતાજીના નામે જાહેરમાં દારૂની મહેફીલ માણતો જોવા મળી રહ્યો છે. દારૂની સાથે ચલમો અને સિગારેટનો દમ મારતા નજરે પડ્યો હતો. મેલડી માતાજીના મંદિરનો રવિ માતાજી નામના ભુવાએ ધાર્મિક કાર્યક્રમમાં સિગરેટના કસ માર્યા અને જાહેરમાં દારૂની આખી બોટલ ગટગટાવી ગયો હતો. ભુવાનો વીડિયો વાયરલ થયા બાદ પણ પોલીસ નિષ્ક્રિય જોવા મળી રહી છે, ત્યારે આ ભુવા સામે કાર્યવાહી ક્યારે થશે, તે જોવું રહ્યું.

બીજી બાજુ, જાહેરમાં દારૂની આખી બોટલ ગટગટાવી જનાર ભુવાએ ગામડાની ભોળી પ્રજાને છેતર્યાનું પણ જાણવા મળી રહ્યું છે. નોંધનીય છે કે, વધુ એક ભુવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ચકચાર મચી જવા પામી છે.

# વિશ્વની સૌથી મોટી માછલીનું પિયર : ગુજરાતનો દરિયો

**૩૦ ઓગસ્ટનાં આંતરરાષ્ટ્રીય વ્હેલ શાર્ક દિવસ તરીકે ઉજવવામાં આવે છે, શાર્ક માછલીને ગુજરાતની દીકરી કહેવામાં આવે છે**



જૂનાગઢ, તા.૩૦

વિશ્વભરમાં ૩૦ ઓગસ્ટે આંતરરાષ્ટ્રીય વ્હેલ શાર્ક દિવસ ઉજવવામાં આવે છે. ત્યારે ગુજરાતના દરિયામાં પ્રવાસ કરતી આ મહાકાય દુર્લભ પ્રજાતિ વ્હેલ શાર્કની હાલમાં શું સ્થિતિ છે અને તે પોતાના ગુણધર્મોને લઈને કઈ રીતે અલગ પડે છે તે બાબતની સમગ્ર માહિતી હાલમાં તમને જણાવવા માંગીએ છીએ. વિશ્વની સૌથી મોટી અને દુર્લભ પ્રજાતિની માછલી તથા ગુજરાત રાજ્યનો દરિયાઈ વન સંરક્ષણ અને સંવર્ધન માટે હાલ અનેક પ્રયત્નો સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. વ્હેલ શાર્ક ગુજરાતનાં દરિયા કિનારે ઈંડા મુકવા માટે આવે છે. ગુજરાતનાં દરિયા કિનારાનું તાપમાન તેમને માફક આવે છે. વ્હેલ શાર્ક ગુજરાતની દીકરી છે. ગુજરાતના દરિયાકાંઠે કાર્યરત વ્હેલ શાર્ક સંરક્ષણ પ્રોજેક્ટ અંતર્ગત છેલ્લા બે દાયકાના સમયમાં ૯૦૦ થી વધુ માછીમારીની જાળમાં ફસાઈ હતી. શાર્ક માછલીને પછી માછીમારો એ પોતાની જાળ કાપી અને સુરક્ષિત રીતે છોડી મૂકવામાં આવી હતી. ગુજરાત રાજ્યના વન વિભાગ દ્વારા માછીમારોને આ બાબતમાં વળતર પણ આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૦માં અને આ વર્ષ પહેલા ગુજરાત રાજ્યના દરિયા કિનારે ખૂબ જ વિશાળ અને સાલસ દરિયાઈ વન્ય પ્રાણી એવા વ્હેલ શાર્ક માછલીનો ખૂબ જ વિપુલ માત્રામાં શિકાર કરવામાં આવતો હતો. આ શિકારને અટકાવવા માટે ૨૦૦૪માં વ્હેલ માછલીના જતન રાખવાના સંદર્ભમાં મોરારીબાપુએ આહવાન કર્યું હતું. ત્યારબાદ સાગર ખેડૂએ આ સંરક્ષણ માટેના તમામ પ્રયાસોમાં સહભાગી બન્યા હતા. વ્હેલ શાર્ક દુનિયાની સૌથી મોટી પ્રજાતિની માછલી ગણાય છે.આ જળચરનું વજન ૧૦ થી ૧૨ ટન જેટલું અને લંબાઈ ૪૦ થી ૫૦ ફૂટ સુધીની હોય છે. તેનો શિકાર ન થાય તો ૧૦૦ વર્ષ સુધી તેનો જીવન હોય છે. આટલું વિશાળ પ્રાણી હોવા છતાં તે ખૂબ જ વિનમ્ર અને સાલસ હોય છે. ૨૦૧૬ માં વ્હેલ શાર્કના આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સંશોધન એવા ડો. સાયમન પિયર્સ, ડો. બ્રાન્ડ નોર્મલ દ્વારા આવેલ શાર્કના વૈશ્વિક સંરક્ષણ સ્થિતિની યાદી તૈયાર કરવામાં આવી હતી. જેમાં આ માછલીને રેટ લિસ્ટની યાદીમાં મૂકવામાં આવી હતી. જેમાં તેમનું અસ્તિત્વને ગંભીર સૂચવવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૦૦ પહેલા વ્હેલ શાર્કની અનિયંત્રિત માછીમારી તે સરકારમાં ચિંતાનો વિષય બન્યો હતો. જેથી ૨૦૦૦માં માઈક પાંડે દ્વારા ગુજરાત રાજ્યના દરિયા કિનારે શાર્કના વધુ પડતા શિકારના સંદર્ભમાં સૌર ઓફ સાઈલેન્સ નામની એક ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી હતી. જેથી ભારત સરકાર દ્વારા મિનિસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ વિભાગ દ્વારા ૧૧ જુલાઈ ૨૦૦૧ ના રોજ વ્હેલ શાર્કને વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ ૧૯૭૨ ના અનુસૂચી ૧ માં સમાવી કાયદાકીય રક્ષણની જોગવાઈ કરી છે અને શિકાર પર પ્રતિબંધ કરવામાં આવ્યો છે. શિકાર કરનારને ત્રણથી સાત વર્ષની જેલ તથા ૧૦,૦૦૦ ના દંડની જોગવાઈ પણ કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૬ થી ગુજરાત વન વિભાગ દ્વારા બચાવવાની કામગીરી દરમિયાન થતા માછીમારોની ઝાડમાં નુકસાન પેટે સાગર ખેડુને અથવા મહત્તમ ૨૫ હજારની રકમ મર્યાદામાં વળતર ચૂકવવામાં આવે છે.

## રક્ષાબંધન

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રક્ષાબંધનના અવસર પર લોકોને શુભેચ્છા પાઠવી છે. મોદીએ એવી પણ શુભેચ્છા પાઠવી હતી કે આ તહેવાર દરેકના જીવનમાં સૌહાર્દ અને સંવાદિતાની લાગણીને ઊંડી બનાવે વધુમાં તેમણે જણાવ્યું કે "મારા પરિવારના તમામ સભ્યોને રક્ષાબંધનની શુભકામનાઓ. બહેન અને ભાઈ વચ્ચેના અતૂટ વિશ્વાસ અને અપાર પ્રેમને સમર્પિત રક્ષાબંધનનો આ શુભ તહેવાર આપણી સંસ્કૃતિનું પવિત્ર પ્રતિબિંબ છે. હું ઈચ્છું છું કે, આ તહેવાર દરેકના જીવનમાં સ્નેહ, સંવાદિતા અને સંવાદિતાની લાગણીને વધુ ઊંડી બનાવે.

## એફઆઈઆર

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેમાં તેઓએ જણાવ્યું હતું કે આ તથ્યહીન પોસ્ટ દિગ્વિજય સિંહ દ્વારા કરવામાં આવી છે, તેથી તેમણે માફી માંગવી જોઈએ. ગઈકાલે રાત્રે બજરંગ દળના સભ્યો કોતવાલી પહોંચ્યા અને પૂર્વ મુખ્યમંત્રી વિરુદ્ધ કેસ નોંધ્યો હતો.

## હજુ વિશ્વાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વયના લોકો માને છે કે વિશ્વમાં ભારતનો પ્રભાવ વધ્યો છે. ૫૫ ટકા લોકોની વિચારસરણી પીએમ મોદી માટે અનુકૂળ છે. તેઓ આવતા વર્ષે સામાન્ય ચૂંટણી દરમિયાન પીએમ મોદીને ફરીથી દેશની સત્તા સંભાળતા જોવા માંગે છે.

દસમાંથી લગભગ સાત ભારતીયોએ કહ્યું કે તાજેતરના વર્ષોમાં વિશ્વમાં દેશનો પ્રભાવ વધુ મજબૂત થઈ રહ્યો છે, જ્યારે પાંચમાથી ઓછા લોકો માને છે કે તે નબળો પડી રહ્યો છે. અમેરિકા ઉપરાંત કેનેડા, ઈટાલી, જર્મની, યુકે, ઓસ્ટ્રેલિયા, જાપાન અને ઈન્ડોનેશિયા વગેરે ૨૩ દેશોમાં આ સર્વે કરવામાં આવ્યો છે. અહીં ૨૮ ટકા લોકો માને છે કે વિશ્વમાં ભારતનું કદ હવે વધી ગયું છે. આ ૨૩માંથી ૧૨ દેશોના ૩૨ ટકા લોકો એવું પણ માને છે કે વડાપ્રધાન મોદી વૈશ્વિક સ્તરે યોગ્ય નિર્ણયો લે છે.

# ગુજરાતમાં એક વર્ષમાં કરોડપતિઓની સંખ્યામાં ૪૫૦૦નો વધારો

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં ઉદ્યોગ-ધંધાના વિકાસની સાથે સાથે કરોડપતિઓની સંખ્યા વધતી જાય છે. ઈક્રમ ટેક્સની ચુકવણીના આંકડા સાબિત કરે છે કે છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં કરોડપતિ કરદાતાઓ વધ્યા છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ એટલે કે ઝમ્ક્ષ્ના ડેટા મુજબ વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતમાં કરોડપતિ ટેક્સ પેયરની સંખ્યા ૪૯ ટકા વધી છે. એક નાણાકીય વર્ષમાં જેમની કરપાત્ર આવક એક કરોડ કરતા વધુ હોય તેમને કરોડપતિ ટેક્સ પેયરની કેટેગરીમાં મુકવામાં આવે છે. અગાઉના વર્ષોની સાથે સરખામણી કરવામાં આવે તો છેલ્લા એક વર્ષમાં એક કરોડથી વધુ ટેક્સેબલ ઈક્રમ ધરાવતા લોકો વધ્યા છે. ૨૦૨૧માં રાજ્યમાં ૯૩૦૦ લોકો આ કેટેગરીમાં આવતા હતા જ્યારે ૨૦૨૨માં આ સંખ્યા વધીને લગભગ ૧૪,૦૦૦ સુધી પહોંચી ગઈ છે. એટલે કે એક વર્ષમાં કરોડોપતિઓની સંખ્યામાં ૪૫૦૦નો વધારો થયો છે. છેલ્લા પાંચ વર્ષનો ડેટા જોવામાં આવે તો ગુજરાતમાં અત્યારે સૌથી વધુ કરોડપતિ કરદાતા છે તેમ કહી શકાય. કારણ કે અગાઉના વર્ષોમાં આ સંખ્યા માત્ર ૭૦૦૦ હતી જે હવે ૧૪,૦૦૦ સુધી પહોંચી છે. છેલ્લા પાંચ વર્ષની એવરેજ જોવામાં આવે તો સરેરાશ ૮૨૦૦ કરોડપતિ કરદાતા નોંધાયા છે. તેમાંથી કોર્પોરેટ કેટેગરીમાં પણ ૧૦૦૦નો વધારો થયો હતો. કોર્પોરેટ કેટેગરીના કરોડપતિ કરદાતાની સંખ્યા ૩૭૦૦થી વધીને ૪૭૦૦ થઈ છે. એટલે કે આ કેટેગરીમાં કરોડપતિઓની સંખ્યા ૨૮ ટકા વધી છે. નોન-કોર્પોરેટ કેટેગરીમાં ગુજરાતમાં ઓવરઓલ ટેક્સ બેઝમાં ૪ ટકાનો વધારો થયો છે. ૨૦૨૧-૨૨માં રાજ્યમાં ૭૧.૨ લાખ ટેક્સપેયર હતા જેની સંખ્યા વધીને લેટેસ્ટ વર્ષમાં ૭૩.૮ લાખ થઈ છે. પાંચ વર્ષ અગાઉના આંકડા પ્રમાણે ગુજરાતમાં ૬૨.૫ લાખ લોકોને ટેક્સ બેઝ હતો. ગુજરાતમાંથી જે ઈક્રમટેક્સ રિટર્ન ફાઈલ કરવામાં આવ્યા તેના ડેટા મુજબ ૯૪ ટકા લોકોએ રૂ. ૧૦ લાખ સુધીની આવક દર્શાવી છે. આ કેટેગરીના કરદાતાઓની સંખ્યામાં બે ટકાનો વધારો થયો છે જ્યારે ૧૦ લાખથી વધારે આવક દેખાડનારા કરદાતાઓની સંખ્યા ૨૯ ટકા વધીને ૩.૩૫ લાખમાંથી ૪.૩૩ લાખ થઈ છે. એક્સપર્ટનું કહેવું છે કે ઉચ્ચ કરપાત્ર આવક ધરાવતા લોકોની સંખ્યા વધવા પાછળ ઘણા કારણો હોઈ શકે છે. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ડાયરેક્ટ ટેક્સ કમિટીના ચેરમેન જૈનિક વકીલે કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોથી કોર્પોરેટ ટેક્સ ઘટ્યો છે અને જીએસટીના કારણે પણ પરિવર્તન આવ્યું છે. તેથી વધુ ઉંચા કોર્પોરેટ રિટર્નનું આ એક કારણ છે. આ ઉપરાંત એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટને પણ હાયર ઈક્રમ બ્રેકેટમાં વધુ રિટર્ન ફાઈલ થવા માટેનું કારણ ગણી શકાય. ઈન્ટરનેશનલ ટેક્સ એક્સપર્ટ મુકેશ પટેલે જણાવ્યું કે ઈક્રમટેક્સ પેમેન્ટમાં આઈટીનો ઉપયોગ અને ફેસલેસ એસેસમેન્ટ સ્કિમના કારણે પારદર્શિતા વધી છે.

## કેજરીવાલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કમરતોડ મોંઘવારીમાં પણ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં મોંઘવારી સૌથી ઓછી છે. આ સિવાય તેમણે કહ્યું કે દિલ્હીમાં મફત પાણી, મફત વીજળી, મફત શિક્ષણ, મહિલાઓ માટે મફત બસ મુસાફરી, વૃદ્ધો માટે મફત તીર્થયાત્રાની સુવિધા આપવામાં આવી રહી છે. આમ છતાં સરપ્લસ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. કક્કર વધુમાં કહેતા જણાવ્યું હતું કે કેજરીવાલ સતત લોકોના મુદ્દા ઉઠાવી રહ્યા છે અને તેઓ પીએમ મોદી સામે ચેલેન્જર તરીકે ઉભરી આવ્યા છે.

આપના પ્રવક્તા પ્રિયંકા કક્કરે કહ્યું કે, મેક ઈન્ડિયા નંબર ૧ મિશન હેઠળ અમે ઈચ્છીએ છીએ કે દેશમાં સામાન બને. પીએમ મોદીએ લાલ કિલ્લા પરથી કહ્યું હતું કે જ્યારે આપણે સામાન આયાત કરીએ છીએ ત્યારે મોંઘવારી પણ આયાત થાય છે. આવું કેમ થાય છે, આવું એટલા માટે થઈ રહ્યું છે કારણ કે તેમની પાસે કોઈ ઈકોનોમિક મિશન નથી. અહીં મેન્યુફેક્ચરિંગ માઈનસ ચાલી રહ્યું છે. પ્રિયંકા કક્કરે કહ્યું કે, કેજરીવાલના વિઝન હેઠળ ભારત મેન્યુફેક્ચરિંગ હબ બનશે. જ્યાં લાયસન્સ રાજનો અંત આવશે. વેપારીઓને કામનું વાતાવરણ મળશે. શિક્ષણ એ સ્તર પર હશે કે વિદેશી બાળકો ડોલર ખર્ચીને ભણવા આવશે. મોદી સરકારે કેટલાક વેપારીઓના હજારો કરોડ રૂપિયા માફ કર્યા, કલ્પના કરો કે આ પૈસાથી કેટલા રાજ્યોને મફત વીજળી મળી શકી હોત.